પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-01-2025 **Evening : 7.10 to 7.20 pm**

Day : Monday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે A.I. સેન્ટર ઓફ એક્સલન્સ રાજ્યમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ થિન્ક ટેન્ક તરીકે ઉભરી આવશે
2. કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાએ કહ્યું ઑલિમ્પિક માત્ર સ્પર્ધા નથી, રમતોનું પ્રતિક છે
3. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતે 'ગરવી ગુર્જરી' સ્ટોલ દ્વારા ગયા વર્ષે આશરે સવા કરોડ રૂપિયાથી વધુ મૂલ્યનાં ઉત્પાદનનોનું વેચાણ થયું
4. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા વિવિધ જિલ્લાઓમાં સેન્સ પ્રક્રિયા હાથ ધરાઇ
5. ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી આવતા પવનોને કારણે રાજ્યમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો હોવાનું હવામાન વિભાગે જણાવ્યું

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

GIFT CITY CENTRE OF EXCELLENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ કરાવતા જણાવ્યુ કે, ગુજરાતમાં A.I. ક્ષેત્રમાં આ સેન્ટર મહત્વપૂર્ણ થિન્ક ટેન્ક તરીકે ઉભરી આવશે. આ પ્રસંગે શ્રી પટેલે A.I. ઈનોવેશન ચેલેન્જની શરૂઆત કરાવી. શ્રી પટેલે જણાવ્યું કે A.I. સેન્ટર ઓફ એક્સલન્સનો પ્રારંભ ગુજરાતને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને ટેકનોલોજી આધારિત વિકાસનું હબ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે.

Kumbh special bus

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રયાગરાજ જતી પ્રથમ બસને ગાંધીનગર સર્કિટ હાઉસથી કેસરી ઝંડી આપી 'ચલો, કુંભ ચલે' યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

મંત્રોચ્ચાર તેમજ વિધિ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પ્રથમ વોલ્વો બસમાં પ્રયાગરાજ જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓને આવકાર્યા હતા અને સુખદ યાત્રાની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે વાહનવ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આ વિશેષ બસ સેવાનું ઑનલાઇન બુકિંગ શરૂ થતાની સાથે જ ગણતરીના કલાકોમાં બુકિંગ ફૂલ થઇ ગયું છે.

ગુજરાતના હજુ વધુ શ્રદ્ધાળુઓ પોતાના પરિવાર સાથે પ્રયાગરાજ જઈ શકે તે માટે વધુ બસો મૂકવા અંગે નિર્ણય લેવામાં આવશે.

RRU-MANSUKH MANDVIYA

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી ખાતે પ્રથમ આંતર-રાષ્ટ્રીય ઑલિમ્પિક સંશોધન પરિસદમાં જણાવ્યું કે, ઑલિમ્પિક માત્ર સ્પર્ધા નથી તે રમતોનું પ્રતિક છે.

(બાઇટ: ડૉ. મનસુખ માંડવિયા - કેન્દ્રીય મંત્રી)

Ekta Mall SOU Sales

‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ ખાતે એકતા મોલમાં આવેલા ‘ગરવી ગુર્જરી’ સ્ટોલ દ્વારા વર્ષ 2024માં એક કરોડ 22 લાખ રૂપિયાથી વધુ મૂલ્યનાં હાથશાળ-હસ્તકલાનાં ઉત્પાદનનોનું વિક્રમ વેચાણ થયું છે.

પ્રસ્તુત છે એક અહેવાલઃ

Voice cast Anil Patel

(કેવડીયામાં એકતા મોલમાં દેશના વિવિધ રાજ્યોમાંથી હાથશાળ અને હસ્તકલાના ઉત્પાદનો એક જ સ્થળે મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

એકતા મોલમાં કુલ 20 દુકાનો તૈયાર કરવામાં આવી છે. આ મોલમાં વર્ષ 2024 દરમિયાન આશરે સવા કરોડ રૂપિયાનું વિક્રમ વેચાણ નોંધાયું છે. ચાર લાખથી વધુ દેશ-વિદેશના પ્રવાસીઓએ આ સ્ટોલની મુલાકાત લીધી હતી. નિગમના ગરવી ગુર્જરી એમ્પોરીયમ ખાતે વેચાણ માટે રાજ્યની ભવ્ય ભાતીગળ, ઉત્કૃષ્ઠ હાથશાળ અને હસ્તકલાની ચીજવસ્તુઓને મુકવામાં આવે છે.

એકતા મોલમાં કામ કરતાં જુદા જુદા રાજ્યોના કર્મચારીઓને રહેવા માટે પણ સુવિધાયુક્ત નવા ફ્લેટ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે.)

BJP SENSE PROCESS

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા વિવિધ જિલ્લામાં સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત કચ્છ જિલ્લાની રાપર-ભચાઉ નગરપાલિકા સહિત તાલુકા પંચાયતની બેઠક માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ. જેમાં ભૂજ સ્થિત ભાજપ કાર્યાલય ખાતે નગરપાલિકાની ચૂંટણી માટે 50 લોકોએ દાવેદારી નોંધાવી.

તાપી જિલ્લાની સોનગઢ નગરપાલિકાની ચૂંટણીની સેન્સ પ્રક્રિયા અંતર્ગત ભાજપના 100થી વધુ લોકોએ દાવેદારી નોંધાવી. ઉલ્લેખનીય છે કે સોનગઢ નગરપાલિકાના 7 વોર્ડની 28 બેઠક પર ચૂંટણી યોજાશે.

બોટાદ નગરપાલિકાની કુલ 44 બેઠક માટે ચૂંટણી નિરીક્ષક બ્રિજેશ મેરજાની દેખરેખ હેઠળ સેન્સ પ્રક્રિયા યોજાઇ. જેમાં 150 દાવેદારોએ દાવેદારી નોંધાવી.

મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરાઇ. આ અંગે ચૂંટણી નિરીક્ષક પિયુષ પટેલે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

(બાઇટ: પિયુષ પટેલ - ચૂંટણી નિરીક્ષક)

BJP PARLIMENTARY BOARD MEET

રાજ્યમાં 66 નગરપાલિકા અને એક મહાનગરપાલિકા સહિત સ્થાનિક સ્વરાજની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે ત્યારે આગામી 29 અને 30 જાન્યુઆરીએ ભારતીય જનતા પાર્ટીના સંસદીય બોર્ડની બેઠક મળશે. પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાનાર આ બેઠકમાં સેન્સ પ્રક્રિયામાં આવેલા નામો અંગે ચર્ચા કરાશે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

DWARKA SECURITY

દ્વારકામાં મેગા ડિમોલિશન બાદ દરિયાઈ સુરક્ષામાં વધારો કરાયો છે. હાલ સમુદ્રમાં મરીન પોલીસ, વન વિભાગ, તટરક્ષક સહિતની એજન્સીઓ પેટ્રોલિંગ કરી રહી છે. સમુદ્રમાં જતી તમામ બોટના દસ્તાવેજોનું ચેકિંગ કરાઈ રહ્યું છે. સમુદ્રમાં પ્રતિબંધિત વિસ્તારમાં જતાં 13 જેટલા માછીમારો વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો છે. આ અંગે જિલ્લા પોલીસ વડા નીતિશ પાંડેએ વધુ માહિતી આપી.

(બાઈટ : નીતીશ પાંડે, જિલ્લા પોલીસ વડા-દ્વારકા)

Morbi—library opening

મોરબી જિલ્લામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી સાથે જિલ્લાના 34 ગામોમાં લાઇબ્રેરીનો પ્રારંભ કરાયો છે . ટંકારાના લજાઈ ગામે સ્થાનિક દાતાઓના યોગદાનથી સ્પર્ધાત્મક પરીક્ષાની આશરે 140 પુસ્તકોની લાઇબ્રેરીનો શુભારંભ કરાયો છે. જેનું લોકાર્પણ ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાએ કર્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી જે. એસ. પ્રજાપતિએ, જિલ્લાના વધુ ગામોમાં લાઈબ્રેરી શરૂ કરવાનું આયોજન છે તેમ જણાવ્યું હતું .

(બાઈટ : જે. એસ. પ્રજાપતિ , જિલ્લા વિકાસ અધિકારી - મોરબી)

AHMEDABAD AMTS ACCIDENT

અમદાવાદના ઘોડાસર નવા ઓવરબ્રિજ પર બ્રેકડાઉન થયેલી AMTS બસ રિપેર કરતા બે ફોરમેનના મોત થયા છે. પાછળથી આવેલા ટ્રકે ટક્કર મારતા બંને ફોરમેન બે બસ વચ્ચે કચડાતા બંનેના મોત નિપજ્યાં હતા. આ ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

Metro –recordbreak passengers

અમદાવાદમાં 25મી જાન્યુઆરીએ 2 લાખથી વધુ લોકોએ મેટ્રોની મુસાફરી કરી વિક્રમ સર્જ્યો છે.

ગત 25 અને 26 જાન્યુઆરી દરમિયાન, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાયેલ કોન્સર્ટમાં કુલ 4 લાખ 5 હજાર 264 મુસાફરીનો વિક્રમજનક આંકડો નોંધાયો હતો.

નોંધનીય છે કે, કોન્સર્ટ માટે મેટ્રો ટ્રેનો દર 8 મિનિટે ચલાવવામાં આવતી હતી, તેમજ રાત્રિના 12;30 સુધીનો સમય પણ વધારાયો હતો. દરરોજની નિયમિત 313 મેટ્રો ટ્રેનની ટ્રીપો ઉપરાંત 25મી જાન્યુઆરીએ દિવસ દરમિયાન 93 ,જ્યારે 26મી જાન્યુઆરીએ 114 વધારાની ટ્રીપો દોડાવવામાં આવી હતી.

WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ હવામાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નહિવત છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં ઉત્તર પૂર્વ અને પૂર્વ દિશા તરફથી પવનો આવી રહ્યા છે જેને કારણે તાપમાનમાં વધારો ઘટાડો થઈ રહ્યો છે. હજુ પણ આગામી પાંચ દિવસ આ જ સ્થિતિ યથવત રહેશે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં 9.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું. અમદાવાદમાં 14.3, વડોદરામાં 15.4, રાજકોટમાં 12.7 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

Republic day celibration –at islands

રાજ્યના વિવિધ ૧૦૬ સમુદ્રી ટાપુઓ પર પ્રજાસત્તાક દિન પર્વે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાયા હતા.

પ્રથમ વખત રાજ્યના પિરોટન, પીપાવાવ, કંડલા, આલિયા બેટ, નરારા બેટ અને જાફરાબાદ સહિતના ૩૬ મોટા ટાપુઓ અને ૭૦ અન્ય ટાપુઓ મળી કુલ ૧૦૬ સમુદ્રી ટાપુઓ પર ગુજરાત પોલીસ, ભારતીય તટ રક્ષક દળ, ભારતીય સીમા સુરક્ષા દળ તેમજ વન વિભાગના જવાનો દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી દેશભક્તિનો ઉત્સાહ વ્યક્ત કરવામાં આવ્યો હતો.